બાબર

હુલ્લા.

(છપાવનાર)

શ્રી અંબિકા વિજય બુક ડીપો

રીચીરોડ ૩૦૧૭—અમદાવાદ.

આવૃત્તિ ચોથી] [પ્રત ૧૦૦૦
સંવત ૧૯૮૧. સને ૧૯૨૫.

બરાનપુરી ભાગોળ બાજીવાળી પોળમાં આવેલા શ્રી "અંબિકા વિજય" પ્રિન્ટીંગ પ્રેસમાં હરગોવનદાસ હરકીશનદાસે છાપ્યું.

કીંમત રૂ. ૦—૨—૦

છપાય છે ! છપાય છે : છપાય છે !

બહારવટીઆ ચરીત્ર.

કે જેની અંદર મહાન બહારવટીઆ (બાબરદેવા ડામલો, અનોપીઓ, મીરખાં, ચાંદખાં, જાનખાં તથા એભલપટકીર વીગેરેની જાણવા જોગ હકીકતો સાથે તેમજ મળી આવતા ફોટાઓ સાથે બહાર પાડવામાં આવશે.

ઉત્તમ બાઇન્ડીંગ દળદાર ૧૨૫ પૃષ્ઠનો ગ્રંથ જેની કીંમત રૂા૦ ૧-૮-૦ રાખવામાં આવી છે. અગાઉથી ગ્રાહક થનાર પાસેથી રૂા૦ ૧-૦-૦ લેવામાં આવશે. પોસ્ટેજ જુદું

લખો મેનેજર,

ગાનવીન

રીચીરોડ ૩-૧૭ અમદાવાદ.

બાબરદેવાની બાહોશી

યાને

ઘાડગે સાહેબની બહાદુરી

દોહરો.

બાબર તારી બહાદુરી દુનીઆં બધી સૌ જાણસે
હંફાવીઆ પોલીસ બહુ પણ યશ ઘાડગે લઇ જશે
(રાગ સૈદા તારો ખુબ છે દહાડોરે)

બાબર તારો ખુબ છે દહાડોરે ધોળી ધોળી ટોપીવાળોરે
વીરશાદમાં રહીને તેં તો કીધાં રાવણીઆનાં કામ
૧ ત્યાર પછી તેં તો ચોરીઓ કરવા ભીડાત્તી મોટી હામ—બા
વીરસદથી તું તો પ્રેમ ધરી વળી આવ્યો બોરસદની માંય
૨ અજાણથી કંઇ ભાથુ અભડાવ્યું લડાઇ જામી ત્યાંય—બા
તેના કારણે પોલીસે તારો કાકો પકડયો તે વાર
૩ તેવું જાણી તું તો નાસી છુટયો કેતાં નહી આવે પાર—બા.
ત્યાર પછી તેં તો બહારવટીઆં કેરાં કરવા માંડયાંતાં કામ
૪ પૈસા કઢાવા કારણે વળી લુંટયા અનેક જો ગામ—બા

વળી જો તારી બાતમી આપે તેને તું કરતો ઠાર
૫ પકડવાને પુંઠ લીએ તો પોંચાડે ભવની પાર–બાબર
કાકા બઇરી બેન માતાએ તારી ચાડી ખાધી કેકવાર
૬ તેવું દીલમાં ધારી વળી તેં સર્વેને કરીઆં ઠાર–બા
બ્રાહ્મણ સ્ત્રીને બાળક ઉપર દયા તારી તો દેખાય
૭ લુંટ કરવા જતાં પહેલાંતો તું દેવીના મંદીર જાય–બા
આવી રીતે બહુ કેર કરી વીરા વગાડી હીંદમાં હાંક
૮ પણ ધાડગે સાહેબ થકી ખાધો તે જેલમાં માર–બા
જલાલપુરની મહીં ગયો તુંતો લુંટ કરવાને કાજ
૯ પણ ધાડગે સાહેબ થકી તુંતો ફસાયો આજ–બાબર
માતા તારીને મળવા કર્યાં તેં તો બહારવટીઆના કામ
૧૦ હીંદ મહી મોટી હાંક વગાડી ઉજાળ્યાં જનેતાના નામ–બા
તુજને જોવા રાવપુરા ગેટે મેળો ભરેલો દેખાય
૧૧ દેશ વિદેશના લોકો તુજને પ્રેમથી જોવા ધાય–બાબર
વળીતારી ટોળીમાં જોને ડાભલો આગેવાન દેખાય
૧૨ તે પણ તારી સાથે હવે જોને જેલમાં જણાય–બાબર
તેથી મનુ કહે વીરલા મારા કરશો ના આવું કામ
૧૩ રવડી રખડી મોત થાયે રહેવા મળે નહી ઠામ–બાબર

બાબરની બાહોશી

યાને

ગાડગે સાહેબનું પરાક્રમ.

[ખ્વાબ] ભાગ-૧.

કહું છું કથા બાબરતણી તે લક્ષમાં ધરશો સહુ
જે બહારવટીઆ છે ભયંકર ડાભલો બાબર કહુ

તે કેમ પકડાયો અરે બાબર હકીકત હું કહું
મળી બામમી ઓચીંતી મીસ્તર ઘાડગેને તે સહુ
એક ગૃહસ્થ છોટાલાલ ગામ જલાલપુર માંહી રહે
તે ગૃહસ્થને બાબર રૂપીઆ હજાર મોકલવા કહે
ધમકી દીધી બહુ બાબરે તે લક્ષમાં લીધી નહી
બાબર કહે બસ આજરાત્રે ધાડ પાડીશું જઇ
તે ગામમાં છોટાલાલ બાબરની બીકે બીજે ગયા
કુટુંબ લઇ સઉ સાથ બીજાને ગૃહે જઇને રહયા
સામેબ ગયાતા આજવા મલી વાત ટેલીફોનથી

મોટર મહીં આવ્યા વંડાદરે ઘાડગે તે ગામથી
વળી ટ્રેનનો ટાઇમ થવાથી વિશ્વામીત્રી જઇને ચઢયા
પંદર પોલીસની પાર્ટી લઇ સાહેબ પણ સાથે ચઢયા
તે પાર્ટીમાં મકરાણી ગુર્ખા ને હતા રજપુત બહુ
જુઓ ફોજદાર બારકટે મુનશી અંબાલાલ સહુ.
રેલ્વે નાયબ નલવડે ફોજદાર ટ્રેન માંહી વળી
તે ટ્રેનમાં હોવાથી નલવડે સાથ જોડાયા મલી
પછી ભોજ સ્ટેશન ઉતરી પાર્ટી જલાલપુરમાં ગઇ
ચુપકીથી છોટાલાલને પાર્ટી જઇ હોંસે મળી
ઘરમાં રહી અમને મદદ કરવા ઘણું સમજાવીચું
પણ ગૃહસ્થ છોટાલાલ સમજાવ્યા છતાં ન માનીયુ
તે ઘાટવાળા ઘેર જઇને ગોઠવણ સઉએ કરી
સીપાઇ છોટાલાલ જેવો ડ્રેસે બેસાર્યો કરી
વળી ઘર માંહી ખુણે ખુણે સઉ પોલીસો બેસાડીયા
બાબર ન જુવે કો જનોને તેમ સઉ છુપાઇ ગયા
નાણાં કઢાવવાનેજ ઘરમાં એકલો બાબર જતો
બંધુક લઇ તે સાથ માણુસ બહાર ઉભા રાખતો
તેવી ખબર તેની સહુ મી. ઘાડગે જાણી ખરી
કરી ગોઠવણુ પુરી સહુ બાકી ન રાખી કંઇ જરી
પોલીસના પહેરા ભરેલી બંદુકે છુપા ફરે
બાબર ભયંકર ધાડ પાડુ ખુનીથી સઉકો ડરે

સાહેબ છોટાલાલ નકલીને કહે સંભાળજે
સઉ સાચવીને દાગ લેવાનું હૃદયે વિચારજે
જો વહેમ બાબરને પડે નહી તેમ કહે મી. ઘાડગે
સીપાઇ છોટાલાલ જેવો ડરેસ પહેર્યો તે જગે
કરી બંધ ઘરમાંહી સુતા બાબરની રાહ જુએ સહુ
ત્યાં સીમમાં આવ્યાની તેની બાતમી આવી કહું
કો આદમી બાબરતણું ખાવાનું લેવાને ગયો
સીમમાં મંગાવેલ રોટલા પેંડા ખાઇ તાજો થયો
તે ખાઇ બાબર ગામમાં આવ્યો શુમારે રાતના
અગીઆર ત્યાં વાગ્યા હતા માણુસ લઇ સઉ સાથમાં
જંગલનો સીંહ ને રાતના રાજાની માફક તે દીસે
ટુકડીને બાબર નીડરતાથી આવીયા પુરને વીષે
સઉ માણુસોને બહાર રસ્તા પર ઉભા રાખી ખરે
બાબર જઇને રોફથી કહે ઘર ઉઘાડોને અરે
વળી સાંકળો ખખડાવી કહે બારણુ ખોલો સહી
ધીમેથી કહે નકલી ઉઘાડુ છુ કહી ખોલ્યું તહીં
બાબર ભરેલી બંદુકે અંદર જતાં સામી ધરી
પોલીસ સહુ કુદી પડયા બાબર ઉપર કહું છું વળી
મી. ઘાડગે સાહેબને પોલીસ સહુ ભેગા મળી
પકડયો ગળેથી ને પછી બાબરને સૌ મજબુત કરી.
મજબુત બાબરને કદાવર છે ઝનુની તે સહી

સપડાયો છે તે કંઇ અચાનક પણ થયો સામો તહી
બાબરને. પોલીસ સાથે બાથંબાથ ચાલી બહુ હતી,
એવામાં ઉપરથી બીજા આવી ચડયા સઉકો અતી.
બાબર હતો ત્યાં એકલો પણ દશ મીનીટ સઉથી લડયો,
પગ હાથને કંઇ લાતનો ઉપયોગ બહુ છુટથી કર્યો.
ઘરમાંહી બાબર પેસતાં પકડાયાથી તેણે કહ્યું,
નાસો દગો છે તેવી બુમ સઉ સાંભળી નાસી ગયું.
પોલીસ પાછળ તો પડી પણ નવ મલ્યો એકે જણો,
પાછા ફરીને બહાર કરતાં બહારવટીયાના જનો.
પાછળ પડેલા નલવડેને ગોળી વાગ્યાથી પડયા.
રેલ્વે તણાં ફોજદાર નાયબ નલવડે માર્યા ગયા,
પોલીસ કમીશનર ઘાડગે સાહેબને સઉકો ગયું,
મી. નલવડેના મૃત્યુમાં જન સહુ તહીં દીલગીર થયું.
હીમત ધરીને નકલ છોટાલાલની જેણે કરી,
તે પાટીદાર સીપાઇની પણ છે ઘણી હીંમત વળી,
રજપુતને મકરાણી ગુરખા સઉ હતા તેમાં વળી,
બહારવટીયાને પકડવા બહુજ બહાદુરી કરી.

તોટક છંદ. ભાગ ૨.

કડી પ્રાંત તો શાન્ત થયો ઘણો એડા જીલ્લામાં ગભરાટ
બાબરીઓ દાબલો બહારવટીઆ પાકયા એ પણ મોટો ઉચાટ

નામીચો જબરો લુટારો એનો પણ આવશે આરો
બાબર દેવા ગોરખે ગામનો દાભલો મદદગાર
જોઇતા માણસો સાથી રાખીને ટુકડી કરી તઇયાર
ચરોતરમાં રાડ પડાઇ કોઇથી તેતો ના પકડાય
બાબરીએ બહારવટું લીધું જ્યારે પહેલે મારી બઇરાં ને બાપ
સગાં સહોદર સર્વે મુકયાં ભલભલાને આપતો થાપ
સત્તા આગળ શું કંઇ થાશે ચોરી જારી જરૂર પકડાય
સત્તા આગળ શાણપણ શા કામની પહેલા થયાં કાંઇ ડાકુ
બહાદુર
સરકારે સર્વેને સપડાવ્યા સીધા કાઢવા લાગ્યા જડથી મુળ
ભરપુર શુર નુર ગુમાવી બેઠા આવીને સઉ જેલમાં બેઠા
બાબર દાભલે બહારવટુ લીધું સઉ રાજમાં પડી ખબર
પોલીસ અમલદારો ઘણા ફરતા'તા પકડવાને થઇ તત્પર
સીંહનો શીકાર ખાલીજ જાય વાઘ જોઇ બકરી ન્હાસી જાય
બહારવટીઆના દીવસ પુરા થયા હતા એક પછી એક પકડાય
આ રાજમાંથી ને પરરાજમાંથી નાસીને તે કયાં જાય
કહો ભાઇ કયાં રહે છુપાઇ બાબરીઓ તો ના પકડાય
બાબરીઆને પકડવા માટે સી. આઇ. ડી. કરી હુશીઆર
આજીરાવ બહાદુર થયા રાખીને હીંમતને હથીઆર
ઘોડા ઉપર અસ્વાર થઇને બાબરીઆને પકડવા નીકળ્યા
બાબરીએ દાભલે મેળાપી પાસે માંગ્યા'તા રૂપીઆ હજાર

કાલે સાંજરે અમને રૂપીઆ જોઇએ લાવી મુકજો નીરધાર
શાણા શેઠને સમજણ પાડીને જરૂર મુકજો રૂપીઆ લાવી
ને તેવાર
છોટા શેઠને સલામ કરીને બહારવટીઆ નીકળ્યા બહાર
વાણીઆ ભાઇનું ધોતીઉં ઢીલું ડાકુ પકડાવું તત્કાળ
બાતમી આપવા જાઉં વડોદરે ભવિષ્યમાં જે થાય થનાર
બાતમી આપવા વડોદરે આવી સમજાવ્યા સઉ અમલદાર
જોઇતું હતું તે વઇદે કહ્યું વાણીઓ તો ગયો ગામ મોઝાર
પોતાને ઘેર જઇને સુતો નીરાંતે તે તો તે વાર
બીજે દીવસે બાબરીઆને પકડવા લશ્કર આવ્યું છે ત્યાંય
બાતમી આપીને ઘેર આવી સુતો છ મણની તળાઇમાંય
કારીગરી કેવી ત્યાં સાહેબે બહાદુરી કીધી
વાણીઓ કહે છે સાંભળો સાહેબ ખાલી કરીએ અમે ઘર
આજે રાત્રે આવશે બાબરીઓ પકડજો પોલીસી ભર
વાણીઓ ઘર સોંપીને ગયો બીજા ઘરમાં જઇ રહ્યો
ગાડગે સાહેબે યુક્તિ રચીને ચોગમ રાખ્યા હતા સિપાઇ
જેવો બાબરીઓ આવે તેવો પકડજો મારા ભાઇ
જીવતો તેને પકડવો, એવો જબરો અમલ મચાવ્યો
એક પોલીસને વાણીઓ બનાવ્યોને બીજો બન્યો વાણીઆણુ
ત્રીજાને તો ઝુલા ઉપર બેસાડયો, હુશીઆર સહીત ત્રણ
દિશામાં ત્રણ
એવો જબર જરૂર મામલો રચાયો દીવસનો પણ અંતજ
આવ્યોરે

રાત રણુસુર ચાલી રહી છે વાગ્યા બહારવટીઆના બાર
બાબરીઓ દાભલો બીજા બેચાર થઇને આવ્યા લઇચાર
વણીકના ઘર આગળ આવ્યા, ઝીણી બુમે શેઠને બોલાવ્યા તે વાર
વાણીઆનું ઘર વચમાં લઇને દોડાવ્યા ઘોડા તે વાર
તેમને ઓળંગીને ઘરમાં આવ્યા બહાર ઉભા હતા નાયક ફોજદાર
શાબાશ છે બાબર દેવા કેટલી હીમતથી તું આવ્યો લેવા
સામો અવાજ પોલીસે આપ્યો, આવો ખુલ્લાં છે કમાડ
બાબરીઓ દાભલો ઘરમાં આવીને શેઠને પાડે છે સાદ
દીવાને જલદી સળગાવો પછી તમે રૂપીઆ લાવો
અંધારે મન ધાર્યું થાય અવનીમાં અંધારે સહુકો અથડાય
વાઘ હાથી પણ અંધારે આવે બાંધી જગામાં ચોર પકડાય
દીવાએ તો દાટજ વાળ્યો નસીબ આડે કંઇ ના ફાવે
બાબરીઓ દાભલો ઘરમાં ઉભાતા જાણુ પોતાનો વિશ્રામ
પોલીસ ચોતરફ છુપી રહી હતી પકડાશે રાખીને હામ,
દગાના તો અવાજ નીકળીઆ પોલીસ તુર્ત ફુટી પડીઆ
ગાડગે સાહેબ તો ઘરમાં હતા વળી બહાર એક નાયક ફોજદાર
બહાર ઉભેલા બહારવટીઆએ, કર્યો બંદુકનો બહાર
ફોજદારને એક ગોળી વાગી બહારના બહારવટીઆ ગયા ભાગી
નાયક ફોજદારને બંદુક વાગી પડયા પૃથ્વી મોઝાર
મરણને શરણ થઇ ગયા છે વરતાણ્યો હાહાકાર
યુક્તિથી બન્નેને પકડીઆ, ધન્ય છે પોલીસ ગાડગે બળીઆ

વડોદરા જેલમાં લાવ્યા બાબરીઆને દાભલો જોડીદાર
બંનેના પગમાં બેડીઓ નાંખી આવી ગયો તેમનો કાળ
જેવું કરશે તેવું ભરશે, બાવળ વાવીને આમ્ર શું લેશે
દુર દેશથી લોકો જોવા આવે છે બહારવટીઆને ત્યાય
ન્યાયની કોરટમાં ઉભા કીધા, વરઘોડો વડોદરાની માય
ન્યાય કોર્ટ તપાસ કરીને, બીજો દિવસ મુકરર કર્યો તે વાર
પ્રજાપર બહારવટીઆ જોવા દેવા માટે રાયે કર્યો તો ઉપકાર
ધન્ય છે નેકી ન્યાયી રાજને રઇયતને સુખ કરનાર
શાબાશ છે ગાડગે બેંકા જગતમાં વાગે યશનાં ડંકા
બાબરીઆ દાભલા અનોપીઆને સાહેબે માગ્યા હજુર
ત્રણ આરોપીને લાવ્યા કોરટમાં પુછવાનું પુછ્યું જરૂર
એક પછી એકને બોલાવી કોરટે શિક્ષા ફરમાવી તે વાર
માજીસ્ટ્રેટ પોતાને ઘેર ગયાને ખુનીઓ ગયા જેલમાંય
સજાનો દીવસ મુકરર કર્યો તો આવશે તે દીવસે ત્યાંય
બહારવટીઆઓ મોજ કરે છે ખાઇપીને મસ્તીમાં રહે છે
બાબરીઆને ભાવે કલાકન ને દાભલાને તો મહેસુર
અનોપીઆને તો હુલવો જોઇએ સરકાર આપશે જરૂર
થોડા દીવસ બાકી રહયા છે આવરદામાંથી ઓછા થયા
બાબરીઆ દાભલા અનોપીઆને ફાંસીનો બક્ષેલો દીન
જેલમાં ફાંસી દેવાની ફાંસીને કર્યા સ્વાધીન
નંબર પહેલે બાબરીઓ આવ્યો ફાંસી જોઇને ગભરાયો

તારીખ અઠાવીસ સાત ચોવીસ રાને સોમવારનો છે પ્રાતઃકાળ
બહારવટીઆના સગાં સરવે આવેલાં ફાંસી વારંટ સાથે
અમલદાર

બાબરીઆને ફાંસી સંભળાવના કંપવા માંડી છે કાય
બેન ભાઇ સાસુ મળવા આવેલાં જોયું તે કેમ જોવાય
શુરવીર નર તો કહેવાણો ને ફાંસી જોઇને ગભરાણો
બેનને રૂપીઆ બાર આપીને સઉને કહયા પ્રણામ
ભકત કબીરની જે બોલીને છેવટના ભાઇ રામરામ
ફાંસી ઉપર તુરત ચઢીઓ બેસી જઇને રડી પડીઓ
બીજા કેદીઓએ ઉંચો કરીને ફાંસો ઘાલ્યો તો ગળાની માંય
ત્રણ મીનીટમાં જીવ ગયો બ્રહ્માંડમાં ઉતાર્યો ફાંસીથી ત્યાંય
ખુનનો બદલો ફાંસીજ મળશે લખ્યા લેખ કદી નહી ટળશે
લુચ્ચાઇ ઠગાઇ જે કાંઇ કરશે તેને તેવી શીક્ષા આવી મળશે
બીજો દીવસ આવ્યો દાભલાનોને મહુરતનો છે મંગળવાર
તારીખ ઓગત્રીશ સાત ચોવીસ સને આવ્યા સહુ અમલદાર
પ્રાતઃકાળે દાભલો બોલાવ્યો ફાંસીનો વારંટ સુનાવ્યો
ફાંસીનું લાકડું દાભલો જોઇને મનમાં ઘણો મલકાયોરે
સગાં સહોદર મળવા આવેલા જોઇને ખુશ અતી થાય
અહો મારૂં ધન્ય ભાગ્ય કયાંથી મળે ફાંસીનો લાગ
બઇરી છોકરો ભાણેજ મલવા આવેલાં મળ્યો રાખીને રૂઆબ
નામરદાઇ મેં દાખવી નથી ફાંસીએ ચડે થાય સાબાસ

ફકીર મહારાજની જે બોલીને તો ફાંસી ઉપર તો ચડીઓ
ફાંસીના ઉપર ચડીને ભાઇઓ સરવેને કહ્યા રામરામ
ફાંસીનું પાટીઉં ટાઇમે ખસેડ્યું ને જીવ ગયો છે ગઇ
આ હામ
અઢી મીનિટમાં જીવ તો જાયે ફાંસીએથી તુરતજ ઉતરાય
લાસ હતી તેના સગાંને સોંપીને ગયા સહુ સહુને ઠામ
દીવસ હતો તો મેળજ બેઠો દુનિયામાં રહેવાનું નામ
બુધવારનો પ્રાતઃકાળ થયો અનોપીઆને કર્યો તઇયાર
તારીખ ત્રીસ સાત ચોવીશ સને બહારવટીઆનો બુધવાર
સગાં તેનાં સઉ મળવાં આવેલાં વારંટ સાથે અમલદાર
અનોપીઆને તુરત બોલાવ્યો અનોપીઓ થયો તઇયાર
ફાંસીનું વારંટ વાંચી સંભળાવતાં અનોપીઓ બોલ્યો છે એજ
ફાંસીએ ચઢવા તઇયાર થયો છું, ખુનનો બદલો ફાંસી છેજ
સર્વે તેનાં સગાંને મલી ફાંસી ઉપર તો ચડીઓ
ફાંસીને માચડે અનોપીઓ ચડયો ને, સહુને કહ્યા છે પ્રણામ
રણછોડરાયની જે બોલાવીને છેવટના રામરામ
ગળામાં ફાંસો નાંખ્યો, મુખેથી કંઇ ના બોલાય.
ટાઇમસર ફાંસીનું પાટીઉં ખેંચ્યું ને જીંદગી ત્યાં પુરી થાય
ત્રણ મીનીટ ત્યાં તરફડવા લાગ્યા ઉતાર્યો ફાંસીથી જયાંય
ડોકટરે તપાસ કરીને લાશ સગાંને આપી તે વાર
કહે છે મનુ સુણો આ ઉપરની બીના તમો
બાબરલાણી જીવન કથા હવે બહાર પાડીશું અમો
[આ કેડીકમ સમાજી વીજયમાંથી લીધો છે.]

કળીયુગના મીત્ર.

મધ્ય પ્રાંતમાં મોટું ગામ વશે વિપ્ર ત્યાં રંગ ધામ
પ્રાણશંકરના એ પુત જાણે જોઇલો જમનો દુત
નામ છોટાલાલ મહારાજ બડા લાંઠને રંડીબાજ
બાપ ભીખીને ભરતો પેટ મા મોટીડા કરે અનેક
એના દિકરાની આ વાત શમણામાં જોઇ સાક્ષાત
મરી ગયાં જવ માને બાપ વિચારે કરવું શું આપ;
હતી રૂપાળી ઘરમાં રાંડ જાણે વકરેલો એ સાંઢ
જટાશંકરે ઝોળી કરી જઇ પથારી નદીએ કરી
ઘેર રૂપાળી રહી શું કરે મન ફાવે ત્યાં જઇને ચરે
ધણી પરાણે રૂપીઓ ઘડે રૂપાળી તો કાંઇએ ચડે
જજમાનો કંઇ આવે જાય ગોરાણીને જોઇ ખુશી થાય
ગોરાણીને હરખ ન માય બેસો કહેતા * * *
છોટાલાલે કર્યો વિચાર શું કરવા જાઉં નદીએ પાર
ટંકશાળ ઘરમાંહી પડે કોણ નકામા રખડી મરે
એમ થયા એ મોટા શેઠ થયું ગોળી જેવડું પેટ
કર્યા એકઠા રૂપીયા ખુબ એક રહી બાળકની ભુખ
ગયા સુખી ખાધા બહુ કર્યું પણ એકે ના કારજ સર્યું
રહ્યાં વાંઝીયાં આ નરનાર કહે પ્રભુને હે કીરતાર
આપ અમને દીકરો એક તેં રાખ્યા છે કઇના ટેક
શુક્રવાર જ્યારે ના વળ્યો ત્યારે મારગ મોટો જડ્યો

દતક દીકરો લીધો એક એક વરસમાં પહોચ્યો ઠેઠ
હતાં તેવાં થઇને રહ્યાં દુઃખ કેમ એ જોમે કહ્યા
કરમ રાંડને અંતે નડયાં રગત પીત્તને કીડા પડયા
ખુબ રીબીને મરવા પડી કહે રાંડ ત્યાં પોકે રડી
અવળે રસ્તે જે સ્ત્રી જશે દશા તેમની આવી થશે
આવી રીતે અંતે મરી છોટાલાલે કારજ કરી
કર્યો જઇ મુંબઇમાં વાસ કાડયાં કંઇનાં સત્યનાશ
મીત્ર મળ્યો ત્યાં તેનો એક હશે પાક એ પુરોનેક
મેના તેની સ્ત્રીનુ નામ જોતાં જેને ઉપજે કામ
છોટાલાલે યુકતી કીધી મેનાને પડખામાં લીધી
સારા મીત્રને રહીને ઘેર એક દીવસ ત્યાં આપ્યું ઝેર
મેનાને લઇને રસ્તે પડયો કાઠીયાવાડને રસ્તે ચઢયો
વરસ વીત્યાં ત્યાં પુરાં બે મેનાને લઇ આવ્યો ઘેર
પુરો લાંઠ એ પાપીજ થયો ને મેનાને લઇ ઘરમાં રહ્યો
ધોળાં કપડાં પહેરી ફરે ને લોકનાં મન રંજન કરે
ઉડાવવા ત્યાં લાગ્યો ચેન કોઇ પૂછે તો કહે છે બેન,
વાત લોકોને જુઠી પડી પાપ તણી થઇ પુરી ઘડી,
મેનાને ત્યાં દહાડા રહ્યા ને આઠ મહીના ઉપર થયા,
છોટાલાલે સમજ્યો સાર ને પછી કર્યો નાસી જવા વીચાર
ગામમાંથી તે નીકળ્યો બહાર ને આગળ સુજ થઇ જવા
કર્યો વીચાર
અહીથી કલમ અટકી ગઇ બાકીની બીજા ભાગમાં કહીશું
સહી
વધુ હકીકત વાંચશો તમો ને તેથી આનંદ થાશે સહી.

જાહેર ખબર

દોડો દોડો ઝટ દોડો

આવે છે આવે છે આવે છે

થોડાક સમયમાં કલકત્તાની જાણીતી કંપનીનું ઇનામી કામલતા હેર ઓઇલ.

કામલતા હેર ઑઇલ

હજારો કુલોકો બહાર, ખુશબોદાર કામલતા હેર ઓઇલ વાપરો વાળને કાળા કરે છે. મગજને શાંતી આપનારૂં ભણનારને યાદ શકતી વધારનારૂ છે માટે જલદીથી મંગાવો.

મોટી બાટલીની કીંમત રૂ. ૧-૦-૦
સેંમ્પલ ૦-૪-૦

મોહનલાલ મગનલાલ એન્ડ કો.
જનરલ મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ
ઠે૦ રીચીરોડ ૩૦૧૭ બાલાહનુમાન પાસે અમદાવાદ

ખુશ ખબર ખુશ ખબર

અમારા તરફથી બહાર પડેલાં પુસ્તકો નીચેના સરનામેથી મળશે; તેમની ચાલ ફેરીઆઓ ગામે ગામ ચોપડી વેચી શકે તેવા પગાર લાયકાત મુજબ જામીનગીરી તથા ડીપોઝીટ સાથે મળો—

શ્રી અંબીકા વીજય બુક ડેપો

બાલા હનુમાન રીચીરોડ અમદાવાદ.

જસમ તથા સિધરાજનો સંવાદ (પુરો)

હરેક બેનોને શિખામણ લેવા માટે ખાસ ઉપયોગી પુસ્તક છે. માટે કન્યાશાળાઓમાં આ ચોપડીઓ બક્ષીસ તરીકે વહેંચવાની જરૂર જણાવનાર ગૃહસ્થોને પડતર કીંમત ફકત રૂ૦ ૨) ની સો લેખે આપવામાં આવશે તેમજ વેપારી માટે રૂ૦ ૪) નંગ સોના રાખવામાં આવેલા છે. પત્ર વહેવાર નીચેના સરનામે કરવો.

શ્રી અંબીકા વિજય બુક ડેપો

બાલા હનુમાન રીચીરોડ ૩૦૧૭ અમદાવાદ

ઇન્ડીયન એડવર ટાઇઝીંગ ડીપાર્ટમેન્ટ.

---

૧ હરેક જાતનું છાપવાનું કામ સસ્તા ભાવથી ઓર્ડરથી કરાવી આપવામાં આવે છે.

૨ હેન્ડબીલ વહેંચવાનું વોલ બોર્ડ ચોડવાનું કામ તથા કોઇ પણ જાતના માલનો લોટ તથા કોઇપણ જાતની જાહેરાત ગાઇને અગર ભાષણથી અગર કોઇપણ તરે-ની માણસો મારફતે કરાવી આપવામાં આવશે.

૩ દવાઓ ભરવાના તથા તેલ ભરવાના ફોલ્ડીંગ બોક્સ સાદા તથા ઓડરથી બનાવી આપવામાં આવશે.

૪ સાબુ તેલ અત્તરો અને દવાઓ તથા હાથ ચાલાકીના મેજીક ખેલો શીખવવામાં આવશે.

૫ અમારે ત્યાંથી નીકળતી ચોપડીઓમાં તથા નીકળતા આજવીજ પત્રમાં હરેક જાતની જાહેર ખબર લેવામાં આવે છે. તેમજ કોઇના ફોટુ આપવા હોય અગર અર્પણ પત્રીકા હોય તેમજ બાબતાલ માટે પત્ર વહેવાર નીચેના સરનામે એક આનાની ટીકીટ બીડી કરવો.

મેનેજર આજવીજ ઓ૦ રીચીરોડ—અમદાવાદ

નીકળે છે!　　　　નીકળે છે!

—ટુંક સમયમાં—

ગાજવીજ

ગાજવીજને ગગડાટ સાથે પાષાણ જેવા હૃદયોને પીગળાવનારૂ જ્ઞાન સાથે ગમ્મત આપનારૂ અમદાવાદની તથા અન્ય દેશની શોખીન પ્રજાનું દીલ બહેલાવનારૂ ગુજરાતના અંદર નીકળતું પહેલવહેલું અઠવાડીક પત્ર.

લવાજમનો દર

વર્ષ	સ્થાનીક	બહારગામ	દેશાવર
૧	૩-૦-૦	૩-૧૨-૦	૭-૦-૦
૦ાા	૧-૮-૦	૨-૦-૦	
૦ા	૦-૧૪-૦	૧-૦-૦	

ગ્રાહક થાવો જલ્દી ગ્રાહક થાવો

તા. કઃ—જાહેર ખબર આપનારાઓ માટે એક સોનેરી તક. બેહદ સસ્તા ભાવ બહાર ગામે એજન્સીઓ આપવાની છે.

લખો મેનેજર.

ગાજવીજ રીચીરોડ ૩૦૧૭, અમદાવાદ.